सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ પ્રાપ્તી તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ |
| કેસ દાખલ તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ |
| કેસ નિર્ણીત તારીખ : | ૧૬/૦૩/૨૦૨૬ |
| **અવધી :** | **૦૦ વર્ષ ૦૦ મહીના ૦૫ દિવસ** |

**<u>જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, વિસાવદર</u>**

**ફોજદારી પરચૂરણ અરજી : ૪૪/૨૦૨૬**

**(ફોજદારી કેસ નં.૩૪/૨૦૨૬ (વિસાવદર પો.સ્ટે.૧૧૨૦૩૦૭૦૨૫૦૩૨૪/૨૦૨૫ )ના કામે)**

મહેન્દ્ર ઉર્ફે મેંદો જોરુભાઈ વાળા
ઉ.વ.આ.૨૫, ધંધો–ખેતી,
રહે.હાજાણી પીપળીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ

–અરજદાર

**<u>વિરુધ્ધ.</u>**

શ્રી સરકાર –સામાવાળા

| | |
|---|---|
| <u>બાબત : –</u> | **<u>ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એફ), ૮૧ મુજબનાકામે બી.એન.એસ.એસની કલમ ૪૮૦ લગતની જામીન અરજી તળે હુકમ....</u>** |

અરજદાર/આરોપી તરફે : વિ.વ.શ્રી એ.ડી.દવે
સામાવાળા/મુળ ફરીયાદી તરફે : એ.પી.પી.શ્રી

**<u>:: હુકમ ::</u>**

(૧) અરજી વંચાણે લીધી,આરોપી પક્ષે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી,તેઓ તેમની દલીલોમાં તથા જામીન અરજીમાં વિનંતી કરતા જણાવે છે કે, આરોપી તદન નિર્દોષ છે તથા કયાંય નાસી ભાગી જાય તેમ નથી, વધુમાં વિસાવદર તાલુકાના હાજાણી પીપળીયા ગામના સ્થાનિક નિવાસી છે અને સ્થાવર તથા જંગમ મિલ્કત

ધરાવે છે.આરોપી પોતાના અંગત પારિવારિક કારણો સબબ  શરતચૂકથી તારીખ ચુકી જતા તેઓને બીનજામીનપાત્ર વોરંટને આધારે પકડીને રજુ કરવામાં આવેલ અને જયુડી.કસ્ટડીમાં લેવામાં આવેલ.  આરોપી કોર્ટની કાર્યવાહીમાં સહકાર આપવાની બાંહેધરી આપે છે.આ ગુનાના કામમાં આરોપીને જન્મટીપ કે આજીવન કેદની સજા થઈ શકે તેવો ગુનો નથી અને મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ ઓફેન્સ છે.વળી આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છીએ અને કુટુંબની તમામ જવાબદારી તેમના શિરે છે.નામ.કોર્ટ જે યોગ્ય શરતો ફરમાવે તેનું પાલન કરવા અને યોગ્ય રકમના જામીન આપવા તૈયાર છીએ.જેથી તે તમામ  સંજોગોને ઘ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવા તેઓએ દલીલમાં વિનંતી કરેલ છે.

(૨)     જયારે ફરીયાદ પક્ષે એ.પી.પીશ્રી.ને /ત.ક.શ્રીને સાંભળ્યા,તેઓએ તેમની દલીલમાં રજુઆત કરતા જણાવેલ છે કે આરોપીને પકડ વોરન્ટના કામે પકડીને રજુ કરેલ છે અને રેકર્ડ જોતા ભવિષ્યમાં પણ આરોપીની હાજરી કોર્ટમાં સુનિશ્ચીન થઈ શકે તેમ ન હોય, વધુમાં આરોપીએ પ્રોહીબીશનના ગુના અગેનો હેબીચ્યુલ ઓફેન્ડર છે અને   તે કોર્ટમાં નીયમીત હાજર રહેશે તેની કોઈ ખાતરી ન હોય હાલની  જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) જામીન અરજી સંબંધેના નામ. હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદા તથા તેમા પ્રસ્થાપિત સિઘ્ધાંતો ઘ્યાને લીધા.

**(એ)** આરોપીની ગુન્હામાં સંડોવણી અને તેણે શું ભાગ ભજવેલ છે ?

**(બી)** જામીન મુકત થયા બાદ આરોપીની ગુનાની પોલીસ તપાસ દરમ્યાન ટ્રાયલ વખતે હાજરી ઉપલબ્ઘ  રહેશે કે કેમ ?

**(સી)** જામીન મુકત થયા બાદ  આરોપીની   પોતાની   સ્વતંત્રતાનો દુરઉપયોગ કરી ફરીયાદપક્ષના સાહેદ  પુરાવા સાથે ચેડા કરશે કે કેમ ?

**(ડી)** ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ રાજય અને સમાજનુ હીત ઘ્યાને લઈ રાખવુ જોઈએ.

**(ઈ)** આરોપી સામે ભુતકાળમાં કોઈ ગુના નોંધાયેલા છે કે કેમ તે હકીકત ઘ્યાને રાખી નિર્ણય કરવો જોઈએ.

**(એફ)** સામાન્ય રીતે આરોપીની બંધારણીય સ્વતંત્રતા છીનવાય નહી તે રીતે જેલમાં ન મોકલતા જામીન  મુકત કરવા જોઈએ.

(૪) આરોપીના આવા કૃત્યોના કારણે સમાજમાં શાંતિપુર્ણ રીતે રહેવા માંગતા નાગરીકો ભયભીત થાય છે અને સમાજમાં વ્યક્તિઓ અને પરિવારોને "દારૂની હાલાકી" થી બચાવવા માટે જો આવા ગુનામાં આરોપીને સહેલાઈથી જામીન મુકત કરવામા આવે તો આવા ગુન્હા કરનારને ઉત્તેજન મળે અને આરોપી નિર્ભય બની કાયદો હાથમાં લઈ કાયદાની પરવા કર્યા વિના વારંવાર આવા ગુનાનુ પુનરાવર્તન કરે તેની સંભાવનાઓ અસ્થાને નથી.

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આરોપીની મુકિત સ્ટેચ્યુટરી પ્રોવિઝનથી પ્રતિબંધીત છે. એક ગુનેગારની વ્યકિતગત સ્વતંત્રતા સામે સમાજમાં શાંતિપુર્ણ રીતે જીવવા માંગતા અનેક નાગરીકોની શાંતિ અને સલામતીનો પણ વિચાર કરવો જોઈએ.

(૫) રેકર્ડ વંચાણે લેતા હાલના ગુનો પ્રોહીબીશનનો લગભગ ૩૦૦ લીટર જેટલા આથા બાબતનો ગુનો હોય આરોપી ત.ક.શ્રીની રજુઆત ધ્યાને લેતા આરોપી હેબીચ્યુઅલ ઓફેન્ડર હોય, ઈન્સાફી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય આવા સંજોગોમાં '' જામીન એ નિયમ છે'' ના સિધ્ધાંતને અંહી યાંત્રિક રીતે અહીં લાગુ કરી શકાય નહીં. જેથી આ ગુનાની ગંભીરતા તથા રેકર્ડ જોતા આરોપીની વતૃણંક ધ્યાને લઈએ તો હાલની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીની હાજરી સુનીશ્ચીત ગણવી એ સ્પષ્ટ રીતે મુશ્કેલ જણાતુ હોય અને આરોપીને સહેલાઈથી જામીન મુકત કરવામા આવે તો આવા ગુન્હા કરનારને ઉત્તેજન મળે અને આરોપી નિર્ભય બની કાયદો હાથમાં લઈ કાયદાની પરવા કર્યા વિના વારંવાર આવા ગુનાનુ પુનરાવર્તન કરે તેની સંભાવનાઓ અસ્થાને નથી.

વધુમાં જો આરોપીને જામીન મુકત કરવામા આવે તો ફરી આવા પ્રકારના ગુના કરે તેવી શકયતાને નકારી ન શકાય. આવા સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

1. ફો.પ.અ.(બેઈલ) નં.૪૪-૨૦૨૬, ફોજદારી કેસ.નં. ૩૪/૨૦૨૬, **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૬૫(એફ), ૮૧** મુજબના ગુન્હા ના કામે અરજદાર / આરોપી : મહેન્દ્ર ઉર્ફે મેંદો જોરુભાઈ વાળા,ઉ.વ.આ.૨૫, ધંધો-ખેતી, રહે.હાજાણી પીપળીયા, તા.વિસાવદર, જી.જુનાગઢવાળાની જામીન અરજી આથી નામંજુર કરવામા આવે છે.

આજ તા.૧૬ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વિસાવદર.
તા. ૧૬/૦૩/૨૦૨૬

(ભાવિક હીતેનભાઈ ભટ્ટ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
વિસાવદર, (GJ01522)